PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૩/ક્વા–૦૨/૧૭–૧૮/5606 તા. 25/09/19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભીમા પબા ભાટીયા,
ગામ: અલીયા,
તા. જી. જામનગર
મો: ૯૯૧૩૯૦૬૦૫૨

**વિષય :–ખેતીવાડી જોડાણ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૩/ક્વા–૦૨/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૩..)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૦૩/ક્વા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૫–૦૭–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ભીમા પબા ભાટીયા, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ભીમા પબા ભાટીયા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

**રજુઆત કરનાર :પી.એલ.ગોહિલ (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી જોડાણ બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની મુળ તા.૦૬–૦૧–૧૧ ના રોજની, તેમના ગામ: અલીયા ના ખેતીવાડી સર્વે નંબર : ૨૭૨/ ૧ મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, મુળ અરજી, જે તેઓ શ્રી ના '' પિતાશ્રી પબાભાઈ ભવાનભાઈ ના નામે '' નોંધાયેલ છે. અને હાલ, તેમના પિતાશ્રી નુ, તા.૨૪–૧૨–૧૦ ના રોજ અવસાન થયેલ છે. આ બાબત, રેકર્ડ આધારીત યોગ્ય અને વ્યાજબી છે. તેમજ, તેઓ શ્રી એ તેમના પિતાશ્રી પબાભાઈ ભવાનભાઈ ઝાટીયા ની મરણ નોંધ પણ, વારસાઈ એન્ટ્રી મુજબ, રેવન્યુ રેકર્ડ મા કરાવેલ છે. હાલ, ફરીયાદી શ્રી ભીમાભાઈ પબાભાઈ ઝાટીયા, જે તેઓ શ્રી ના પિતાશ્રી પબાભાઈ ભવાનભાઈ ઝાટીયા ની સદર મુળ તા.૦૬–૦૧–૧૨ ના રોજ તૈયાર કરાયેલ, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ના સીધીલીટી ના વારસદાર છે. જેથી, સદર '' પેઈડ પેન્ડીગ '' એવી મંજુર કરાયેલ અરજી ને, '' તેમના સ્વ. પિતાશ્રી ના નામ પરથી, તેઓ શ્રી ના નામ પર '' નામ બદલી સાથે જોડાણ ચાલુ કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના પિતાશ્રી પબાભાઈ ભવાનભાઈ ઝાટીયા ના નામની, તેમના ગામ:અલીયા ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૨૭૨/ પૈકી ૧ મા નોંધાયેલ, સામાન્ય યોજના હેઠળ ના નવા, ૭.૫ હોપા ની, નવા ખેતીવાડી વીજજોડાણ ની, મુળ તા.૦૬–૦૧–૧૨ ના રોજની અરજી, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવતા – સદર અરજી ને, અરજદાર શ્રી એ, તા.૩૦–૦૮–૧૬ ના રોજ, તેમના સ્વ. પિતાશ્રી પબાભાઈ ભવાનભાઈ ઝાટીયા કે જેમનુ તા.૨૪–૧૨–૧૦ ના રોજ અવસાન થયેલ છે, તે મુળ અરજદાર ના નામ પરથી, ફરીયાદી અરજદાર શ્રી ભીમાભાઈ પબાભાઈ ઝાટીયા ના નામ પર નામ બદલી મેળવવા માટે ની વિધીસર ની અરજી, જે રૂ.૩૦૦/– નોંધણીચાર્જ તા.૩૦–૦૮–૧૬ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી, અને તે મુજબ ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના પિતાશ્રી પબાભાઈ ભવાનભાઈ ઝાટીયા ના નામ પરથી, તેમના એટલેકે શ્રી ભીમાભાઈ પબાભાઈ ઝાટીયા ના નામ પર નામ બદલી ની મંજુરી મેળવેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને અપાયેલ સદર મુળ તા.૦૬–૦૧–૧૨ ના રોજ ની મુળ માંગણી મુજબ ની, ૭.૫ હોપા ના, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની, મંજુરી અન્વયે ના પીજીવીસીએલ તરફથી અપાયેલ એવા તા.૧૧–૦૩–૧૭ ના રોજ ના ભાવપત્રક ની રકમ રૂ.૮,૮૬૦/–, જે અરજદાર શ્રી એ તા.૨૮–૦૩–૧૭ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. અને તા.૨૮–૦૩–૧૭ ના રોજ કરારનામુ પણ કરી આપેલ હતુ. |

| | |
|---|---|
| **૨.૨** | ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, ફરીયાદી અરજદાર શ્રી ભીમાભાઈ પબાભાઈ ઝાટીયા ની સવાલવાળી, તેમના પિતાશ્રી પબાભાઈ ભવાનભાઈ ઝાટીયા ના નામ પર ની, તેમના ગામ:અલીયા ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૨૭૨/ પૈકી ૧ મા નોંધાયેલ એવી, ૭.૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ ના, નવા ખેતીવાડી વીજજોડાણ ની, મુળ તા.૦૬–૦૧–૧૨ ના રોજ ની, રૂ.૨૦૦/– નોધણીચાર્જ – જે રસીદ નંબર: ૬૩૩૫૧૫ થી નોંધાયેલ એવી અરજી – જે ફરીયાદી અરજદાર શ્રી એ – છેતરપીડીયુકત રીતે, સબંધક કચેરી મા નોંધણી કરાવી – અને ત્યારબાદ – મંજુરી મેળવી અને મંજુરી ના ભાવપત્રક ની રકમ રૂ.૮,૮૬૦/–, જે તા.૨૮–૦૩–૧૭ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને તા.૨૮–૦૩–૧૭ ના રોજ કરારનામુ કરેલ છે. તે તમામ કાર્યવાહી, જે ફરીયાદી અરજદાર શ્રી ની, પીજીવીસીએલ સામે ની છેતરપીડીયુકત બાબતો હેઠળ ની હોવા સબંધક વિગતો – જે વિભાગીય કચેરી કક્ષાએથી ચકાસણી કરવામા આવતા સ્પષ્ટ થયેલ છે. એટલેકે, ફરીયાદી અરજદાર શ્રી ભીમાભાઈ પબાભાઈ ઝાટીયા ના પિતાશ્રી પબાભાઈ ભવાનભાઈ ઝાટીયા, કે જેનુ તા.૨૪–૧૨–૧૦ ના રોજ અવસાન થયેલ છે. તેમ છતા, ફરીયાદી શ્રી ભીમાભાઈ પબાભાઈ ઝાટીયા એ, તા.૨૪–૧૨–૧૦ ના રોજ ની મૃત વ્યકિત ના નામે, મૃત્યુ તા.૨૪–૧૨–૧૦ પછી ના આશરે ૧૨ થી ૧૩ માસ બાદ, એટલેકે તા.૦૬–૦૧–૧૨ ના રોજ, સામાન્ય યોજના હેઠળ ની સવાલવાળી નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે સબંધક કચેરી મા, છેતરપીડીયુકત રીતે નોંધાવી અને મંજુરી મેળવેલ છે. આ છેતરપીડીયુકત એવી તમામ બાબતો, જે રેકર્ડ આધારીત રીતે, દસ્તાવેજીક પેપર્સ મુજબ સ્પષ્ટ થયેલ છે. આમ, મુળ અરજી જ છેતરપીડીયુકત રીતે નોંધાયેલ હોય, આ છેતરપીડીયુકત અરજી પરત્વે નવુ જોડાણ આપવાની કાર્યવાહી કરવાની બાબત પીજીવીસીએલ માટે, તેમજ કાનુનન દ્રષ્ટીએ પણ નિયમાધીન યોગ્ય અને વ્યાજબી નથી. આમ, સદર અરજી ની છેતરપીડીયુકત રીતે મેળવેલ મંજુરી પણ ગેરકાયદેસર હોય, નિયમાધીન રીતે રદબાતલ થવાને યોગ્ય છે. જેથી, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી હેઠળ સદર અરજી, જે અરજદાર શ્રી ને ખાસ નોટીસ આપી, અને રદબાતલ કરી, અને તે મુજબ અગાઉ અરજદાર શ્રી તરફથી ભરપાઈ કરાયેલ મંજુરી ના ભાવપત્રક ની કુલ રકમ માહેની, નિયમાધીન રીતે રીફંડ આપવા પાત્ર રકમ અરજદાર શ્રી ને રીફંડ મેળવી લેવા માટે ની, અરજદાર શ્રી ને, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી તા.૦૨–૦૬–૧૭ ના રોજ ના લેખીત પત્રનં.: ૨૦૯૨ થી જાણકારી અપાયેલ છે. આમ, સદર ગેરકાયદેસર ના ધોરણ હેઠળ ની મંજુર કરાયેલ એવી સવાલવાળી અરજી, પીજીવીસીએલ કક્ષાએથી રદબાતલ કરી અને અરજદાર શ્રી ને પરત આપવા પાત્ર રકમ, પરત આપવાની બાબત, જે સદર કેઈસ મા, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ભીમાભાઈ પબાભાઈ ઝાટીયા ની સવાલવાળી, તેમના પિતાશ્રી પબાભાઈ ભવાનભાઈ ઝાટીયા ના નામ પર ની, તેમના ગામ:અલીયા ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૨૭૨/ પૈકી ૧ મા નોંધાયેલ એવી, ૭.૫ હોપા ના સામાન્ય યોજના હેઠળ ના, નવા ખેતીવાડી વીજજોડાણ ની, મુળ તા.૦૬–૦૧–૧૨ ના રોજ ની, રૂ.૨૦૦/– નોંધણીચાર્જ – જે રસીદ નંબર: ૬૩૩૫૧૫ થી નોંધાયેલ એવી અરજી, જે ફરીયાદી અરજદાર શ્રી એ, છેતરપીડીયુકત કાર્યપધ્ધતિ હેઠળ, સબંધક કચેરી મા નોંધણી કરાવી, અને પીજીવીસીએલ પાસેથી મંજુરી મેળવી, અને મંજુરી ના ભાવપત્રક ની રકમ રૂ.૮,૮૬૦/–, જે તા.૨૮–૦૩–૧૭ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી, અને તા.૨૮–૦૩–૧૭ ના રોજ કરારનામુ પીજીવીસીએલ મા કરવા સુધીની, ફરીયાદી પક્ષકાર ની તમામ કાર્યવાહી – જે ફરીયાદી અરજદાર શ્રી તરફથી, છેતરપીડીયુકત રીતે કરાયેલ હોવા બાબતો – જે રેકર્ડ આધારીત મુજબ ના દસ્તાવેજીક પેપર્સ મુજબ સ્પષ્ટ થયેલ છે. આમ, મુળ તા.૦૬–૦૧–૧૨ ના રોજ ની અરજી, જે અરજી પહેલાની તારીખ એટલેકે, તા.૨૪–૧૨–૧૦ ના રોજ ના મૃત્યુ પામેલ એવી વ્યકિત ના નામે અગાઉ નોંધાયેલ અને મંજુર કરાયેલ છે. |
| **૩.૨** | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની, મુળ તા.૦૬–૦૧–૧૨ ના રોજ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે ફરીયાદી અરજદાર શ્રી ભીમાભાઈ પબાભાઈ ઝાટીયા તરફથી પીજીવીસીએલ મા છેતરપીડીયુકત રીતે નોંધાયેલ હોય – આ છેતરપીડીયુકત એવી મુળ તા.૦૬–૦૧–૧૨ ની અરજી પરત્વે નવુ જોડાણ આપવાની કાર્યવાહી કરવાની બાબત પીજીવીસીએલ માટે, તેમજ કાયદાકીય દ્રષ્ટીએ પણ નિયમાધીન યોગ્ય અને વ્યાજબી ન હોય, પીજીવીસીએલ ના નિયમાધીન રીતે રદબાતલ થવાને યોગ્ય છે. જેથી, પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની મુળ તા.૦૬–૦૧–૧૨ ની અરજી, જે રદબાતલ કરી, અને તે મુજબ અગાઉ અરજદાર શ્રી તરફથી, સદર અરજી ની મંજુરી અન્વયે ની અગાઉ, પીજીવીસીએલ મા ભરપાઈ કરાયેલ એવી, મંજુરી ના ભાવપત્રક ની કુલ રકમ માહેની – નિયમાધીન રીતે રીફંડ આપવા પાત્ર હોય તેટલી જ રકમ – અરજદાર શ્રી ને રીફંડ મેળવી લેવા માટે ની – ફરીયાદી અરજદાર શ્રી ને, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, જે |

| | |
|---|---|
| | તા.૦૨–૦૬–૧૭ ના રોજ ના લેખીત પત્રનં.: ૨૦૯૨ થી જાણકારી અપાયેલ છે. તે બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી હોય, પીજીવીસીએલ ની આ કાર્યવાહી ને ફોરમ કમિટી તરફથી માન્ય રખાયેલ હોવા બાબતે ની અરજદાર શ્રી ને જાણકારી આપવા સબબ નો,સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની તેઓ શ્રી ના, તા.૨૪–૧૨–૧૦ ના રોજ ના મૃત પિતાશ્રી પબાભાઈ ભવાનભાઈ ઝાટીયા ના નામની, છેતરપીડીયુક્ત રીતે નોંધાયેલ એવી, સ્વ. તા.૨૪–૧૨–૧૦ પછી ના આશરે ૧૨ થી ૧૩ માસ બાદ નોંધણી કરાયેલ એવી, તા.૦૬–૦૧–૧૨ ની મુળ અરજી, જે પીજીવીસીએલ ના નિયમાધીન, તેમજ કાયદાકીય રીતે યોગ્ય અને વ્યાજબી ન હોય – ફરીયાદી અરજદાર શ્રી એ સદર અરજી પરત્વે ની મંજુરી અન્વયે ની, અગાઉ પીજીવીસીએલ મા ભરપાઈ કરાયેલ એવી– મંજુરી ના ભાવપત્રક ની કુલ રકમ માહેની – નિયમાધીન રીતે રીફંડ આપવા પાત્ર હોય તેટલી જ રકમ – જે, પીજીવીસીએલ દ્વારા, અરજદાર શ્રી ને રીફંડ મેળવી લેવા માટે ની, ફરીયાદી અરજદાર શ્રી ને – જે હાલ ના તબ્બકે, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, જે તા.૦૨–૦૬–૧૭ ના રોજ ના લેખીત પત્રનં.: ૨૦૯૨ થી જાણકારી અપાયેલ છે. તે મુજબ ની પીજીવીસીએલ ની તમામ કાર્યવાહી, જે પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. જે બાબતે ની અરજદાર શ્રી ને જાણકારી આપવા સબબ નો,સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વ્યાજ સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.